પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૪૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૩-૦૬-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ગુજરાતમાં વાવાઝોડાની અસર શરૂ, દ્વારકા અને જુનાગઢમાં લોકોના ઘરમાં દરિયાના પાણી ઘૂસ્યા

## ગુજરાતના દરિયાકાંઠાથી હવે માત્ર ૩૬૦ કિલોમીટર વાવાઝોડું દૂર છે, દરિયા કાંઠાના તમામ જિલ્લાઓમાં એલર્ટ


અમદાવાદ,

વાવાઝોડું હવે અતિપ્રચંડ સ્વરૂપ ધારણ કરીને ગુજરાત તરફ આવી રહ્યું છે. ગુજરાતના દરિયાકાંઠાથી હવે માત્ર ૩૬૦ કિલોમીટર દૂર બિપોરજોય વાવાઝોડું છે. જેને પગલે દરિયા કાંઠાના તમામ જિલ્લાઓમાં એલર્ટ આપી દેવાયું છે. સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરમાંથી ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ વચ્ચે બિપરજોય વાવાઝોડાની અસર દેખાવાની શરૂ થઈ ગઈ છે. દ્વારકાના હર્ષદ અને જૂનાગઢના શેરિયાજ બારા ગામમાં લોકોનાં ઘરોમાં દરિયાનું પાણી ઘૂસ્યું છે. આગામી બે દિવસ સમુદ્ર કાંઠાના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ બંને દિવસોમાં કચ્છ, જામનગર અને દ્વારકામાં ૧૨૫ થી ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાશે.હવામાન ખાતાના અપડેટ અનુસાર, ગુજરાતની વધુ નજીક બિપોરજોય વાવાઝોડું પહોંચી ગયું છે. બિપોરજોયની સવારે ૫.૩૦ વાગ્યાની સ્થિતિએ પ્રતિ કલાક પાંચ કિલોમીટરની ઝડપે બિપોરજોય વાવાઝોડું આગળ વધી રહ્યું છે. બિપોરજોય મુંબઈથી ૫૪૦ પોરબંદરથી ૩૬૦ દ્વારકાથી ૪૦૦ નલિયાથી ૬૬૦ અને કરાંચીથી ૬૬૦ કિલોમીટર દૂર છે. ૧૫ જુન બપોર બાદ કચ્છ અને પાકિસ્તાન વચ્ચેના દરિયાકાંઠે બિપોરજોય સીધું ટકરાશે. માંડવી અને કરાંચીની વચ્ચે વાવાઝોડું હિટ થશે. વાવાઝોડાના લેન્ડફોલ વખતે પવનની ગતિ ૧૨૫ થી ૧૩૫ કિલોમીટર રહેશે, જે ૧૫૦ કિમી પ્રતિકલાક સુધી વધી શકે છે. હાલ બિપોરજોય એકસ્ટ્રીમ સિવિયર સાયક્લોનિક સ્ટ્રોમના સ્વરૂપમાં છે. જોકે, થોડા રાહતના સમાચાર એ છે કે, વાવાઝોડું લેન્ડફોલ થશે ત્યારે તેની તીવ્રતા ઘટેલી હશે. પરંતું વાવાઝોડું સિવિયર સાયક્લોનીક સ્ટ્રોમના સ્વરૂપે ટકરાશે. ચક્રવાત બિપોરજોયને સંભવિત અસરને પગલે ભારતીય તટ રક્ષક દળ સંપૂર્ણ તૈયાર છે. જિલ્લા વહીવટી તંત્ર સાથે રહીને કોઈપણ સ્થિતિને પહોંચી વળવા કોસ્ટગાર્ડ સંપૂર્ણ સજ્જ છે. કોસ્ટગાર્ડના પોરબંદર હેડક્વાર્ટરના ૨ શિપ સિવાય તમામ શિપ દરિયામાં રવાના કરાયા છે. પેટ્રોલિંગ અને રેસ્ક્યુની સંભવિત કામગીરી માટે દરિયામાં અતિ દૂર તૈનાત કરાયા છે. દરિયા કાંઠેની કામગીરી માટે બે રેસ્ક્યૂ બોટ સહીત ક્વીક રિયાપોન્સ ટીમ તૈયાર રખાઈ છે. જરૂર પડ્યે અન્ય નાવિકો સાથેની ટીમ પણ સ્ટેન્ડ બાય રખાઈ છે. ડોર્નિયર પ્લેન, ધ્રુવ હેલિકૉપ્ટર દ્વારા સતત હવાઈ પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે.

બિપરજોય વાવાઝોડાને કારણે દ્વારકા બંદરે સૌથી ભયજનક ૧૦ નંબરનું સિગ્નલ લગાવી દેવાયું છે. ૧૦ નંબરનું સિગ્નલ એટે અતિભયજનક સિગ્લન. ૧૦ નંબરના સિગ્નલને કારણે આખું કંડલા બંદર ખાલી કરી દેવાયું છે. તો બીજી બાજુ, ઓખા બંદર પર પણ ૧૦ નંબરનું સિગ્નલ લગાવી દેવાયું છે. તો નવલખી, પોરબંદર સહિત સૌરાષ્ટ્ર-કચ્છના અનેક બંદરે હજી પણ ૯ નંબરના સિગ્નલ થયાવત છે. કચ્છના કંડલા બંદર પર અતિભયજનક ૧૦ નંબરનં સિગ્નલ લાગ્યું છે. કંડલા બંદર ઉપર ૧૦ નંબરનુ સિગ્નલ લાગતા જ ડરનો માહોલ પેદા થયો છે. બંદર પર હાલ અતિભય સુચક સિગ્નલ લગાવવામાં આવ્યું છે. જેનાથી કંડલા બંદરનું સિગ્નલ સ્ટેશન સતર્ક થઈ ગયું છે. કંડલામાથી લોકોનું સ્થળાંતર શરૂ કરવામાં આવ્યું છે. ખાનગી બોલેરો બસમા લેબર અને સ્થાનિક રહેવાસીઓને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. બિપોરજોય વાવાઝોડાને કારણે પ્રસાશન દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. અતિભય સુચક સિગ્નલ લગાવવામાં આવ્યું. કંડલા સિગ્નલ સ્ટેશનના હાર્બર માસ્ટર એલ આર મીનાએ આ સિગ્નલ અંગે જણાવ્યું કે, કંડલા બંદરનું સિગ્નલ સ્ટેશન સતર્ક બન્યું છે. અતિભય સુચક સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

મોરબી જિલ્લાના નવલખી બંદરે હાઈ એલર્ટ મૂકાયું છે. ૯ નંબરનું સિગ્નલ ચેન્જ કરીને ૧૦ નંબરનું સિગ્નલ મુકવા આદેશ કરાયો છે. નવલખી બંદરને તાત્કાલિક અસરથી ખાલી કરવા અધિકારીને સૂચના અપાઈ છે. બિપોરજોય વાવાઝોડું કચ્છના માંડવી બાજુ વાવાઝોડું અથડાઈ તેવી શક્યતા છે. ભારે પવન અને ભારે વરસાદ મોરબી જિલ્લામાં પડે તેવા સંકેત છે.જૂનાગઢમાં બિપોરજોય વાવાઝોડાને લઈને સમુદ્ર તોફાની બન્યો છે. માંગરોળ અરબી સમુદ્રમાં ભારે કરંટ જોવા મળ્યો, સમુદ્રમાં ઉંચા મોજા ઉછળ્યા છે. સમુદ્ર કિનારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જેથી કોઈ લોકો સમુદ્રની નજીક જાય નહીં, તો સમુદ્ર કિનારા નજીક વસવાટ કરતા અંદાજે ૨૦૦ લોકોને નજીકની શાળામાં આશ્રય અપાયો છે. બિપોરજોય વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાને લઈને કચ્છની તમામ શાળા, કોલેજોમાં ૩ દિવસની રજા જાહેર કરાઈછે. સરકારી, ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરાઇ છે. ૧૩ મી જુનથી ૧૫ જૂન દરમિયાન કચ્છની તમામ શાળાઓમાં રજા રહેશે. જોકે, આચાર્ય તથા સ્ટાફે હેડ કવાર્ટર પર ફરજિયાત હાજરી આપવાની રહેશે. જિલ્લા શિક્ષણ અધિકારીએ આ પરિપત્ર જારી કર્યો છે. સંભવિત વાવાઝોડાને લઈને કચ્છને બચાવ કામગીરી માટે ૪ ટીમો ફાળવાઇ છે. કચ્છમાં ૨ એસડીઆરએફ અને ૨ એનડીઆરએફની ટીમ ફાળવાઈ છે. ૧ એસડીઆરએફ અને ૧ એનડીઆરએફની ટીમ નલિયા ખાતે તૈનાત કરાઈ છે. ૧ એનડીઆરએફની ટીમ માંડવી ખાતે તૈનાત કરાઈ છે. એસડીઆરએફની ૨૫ લોકોની ૧ ટીમ આજે સવારે ભુજ આવી પહોંચી હતી. ભુજમાં એસડીઆરએફની ટીમને સ્ટેન્ડ બાય પર રાખવામાં આવી છે. એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમ દ્વારા દરિયાઈ વિસ્તારમાં નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત સરકાર | GSDMA




## સંભવિત બિપરજોય વાવઝોડા સામે

# સાવચેતી એ જ સલામતી

### વાવાઝોડા પહેલાં શું કરવું જોઈએ ?

- આગાહી માટે રેડિયો, ટી.વી. સમાચારો, જાહેરાતોના સંપર્કમાં રહેવું. બેટરીથી ચાલતા રેડિયોનો ઉપયોગ કરશો.
- સ્થાનિક અધિકારીઓના સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરો.
- જો આપ જોખમી વિસ્તારમાં રહેતા હો તો વાવાઝોડાની પ્રથમ આગાહી સમયે જ સ્થળાંતર કરવું સલાહભર્યું છે.
- આપના જાનમાલની સુરક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા સલામત સ્થળ અથવા આશ્રયસ્થાનોમાં સ્થળાંતર કરાવવામાં આવે તો આપનો સહકાર આપશો.
- સ્થળાંતર સમયે ગભરાટ કર્યા વગર આપના સામાન તેમજ ઢોર-ઢાંખરની સલામતીનું ધ્યાન રાખો.
- ફાનસ, ટોર્ચ, ખાવાની વસ્તુઓ, પાણી, કપડાં, વધારાની બેટરી, ધાબળા અને પ્રાથમિક સારવારની કિટ જેવી તાત્કાલિક જરૂરિયાતની વસ્તુઓ ભેગી કરી તૈયાર રાખવી.
- આપના અગત્યના દસ્તાવેજો, આપના ફોટોગ્રાફ સાથેના ઓળખપત્રો તેમજ બ્લડ ગ્રુપની માહિતી સાથે રાખો.
- દરિયાકાંઠાના અગરીયાઓએ સલામત સ્થળે ખસી જવું.
- માછીમારોએ દરિયામાં જવું નહીં, સલામત સ્થળે બોટને લંગારવી.
- અફવા ફેલાવશો નહીં, શાંત રહો, ગભરાશો નહીં.
- જરૂરી અને કિંમતી સામાન પ્લાસ્ટીકમાં પેક કરી શક્ય હોય તો ઉપરના માળે ખસેડી લેવો.
- બાળકોને વાવાઝોડા વિશે સમજણ આપો. જેથી ભય દૂર થશે અને આપત્તિ સમયે ઝડપથી સલામતીભર્યા પગલાં લેવાની સુઝ વિકસશે.
- આપના આવાસની મજબૂતીની ખાતરી કરી લો અને બાંધકામને લગતી ક્ષતિઓ દૂર કરવાનો પ્રયત્ન કરો.
- બિમાર વ્યક્તિઓ અને બાળકો માટે ખોરાક, પાણી અને દવાઓની લગભગ સાત દિવસ ચાલે તેવી વ્યવસ્થા રાખો.
- વૃક્ષોના સૂકા અને રોગયુક્ત ભાગો કાપી નાખો જેથી ફૂંકાતા પવનને લીધે તેઓના પડી જવાથી થતું નુકશાન અટકી શકે. નબળી ડાળીઓ પણ કાપી નાખો.
- વાહનો ચાલી શકે તેવી સ્થિતિમાં રાખો.

**આફત સામે પૂર્વ તૈયારી એ જ ઉપાય**

આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

સંભવિત વાવાઝોડાની અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat | gujaratinformation.official | gujarat.information


www.gsdma.org

# અમૃતસરમાં પાકિસ્તાનનું તૂટેલું ડ્રોન મળ્યું:બોર્ડર પર સર્ચ ઓપરેશનમાં ૧૪ કરોડનું હેરોઈન ઝડપાયું, પોલીસને ઈનપુટ મળ્યા

અમૃતસર,

પંજાબમાં બોર્ડર પર ડ્રોનની હિલચાલ સતત વધી રહી છે. મ્જીહ્લએ બે દિવસમાં બે ડ્રોન રિકવર કર્યા છે. તે જ સમયે, પંજાબ પોલીસ પાસેથી મળેલા ઈનપુટ્સના આધારે, અમૃતસર સરહદેથી ફેન્સિંગની આજુબાજુ છુપાયેલું ૧૪ કરોડ રૂપિયાનું હેરોઈન પણ મળી આવ્યું છે.બીએસએફના જણાવ્યા અનુસાર, ઈનપુટ બાદ અમૃતસરના સરહદી ગામ સૈયદપુરા કલાનમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ક્વોડકોપ્ટર ડીજેઆઈ મેટ્રિસ ૩૦૦ આરટીકે સવારે ૭.૨૦ વાગ્યે સૈદપુરા ગામની બહારના વિસ્તારમાં ગુરુદ્વારા પાસેના ખેતરોમાંથી તૂટેલી હાલતમાં મળી આવ્યું હતું. છેલ્લા ૧૨ દિવસમાં મ્જીહ્લ દ્વારા ઝડપાયેલું આ ચોથું ડ્રોન છે.ગત સાંજે બીએસએફએ તરનતારનમાંથી એક ડ્રોન પણ ઝડપ્યું હતું.બીએસએફ અધિકારીઓએ જણાવ્યું કે આ ડ્રોનને ૯ જૂનની રાત્રે છોડવામાં આવ્યું હતું. પરંતુ શોધખોળ દરમિયાન તે મળી આવ્યો ન હતો. પેટ્રોલિંગ દરમિયાન જવાનોને આ ડ્રોન ખેતરોમાં તૂટેલી હાલતમાં મળી આવ્યું હતું. આ ક્વાડકોપ્ટર ડીજેઆઈ મેટ્રિસ ૩૦૦ આરટીકે પણ છે, જેનો ઉપયોગ પાકિસ્તાની દાણચોરો ભારતીય સરહદ પર હેરોઈનના કન્સાઈનમેન્ટ મોકલવા માટે કરે છે.પંજાબ પોલીસના ઈનપુટના આધારે બીએસએફએ શનિવારે મોડી સાંજે અમૃતસરના અટારી વિસ્તારમાં ૨ કિલો હેરોઈનનું કન્સાઈનમેન્ટ જપ્ત કર્યુ હતું. જેને પાકિસ્તાની દાણચોરોએ ફેન્સીંગની સામેના ખેતરોમાં છુપાવી હતી, જેથી ભારતીય દાણચોરો તેની ચોરી કરી શકે.

# ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ શ્રી રામ મંદિરમાં રામલલા વિરાજમાન થશે.



નવીદિલ્હી,

અયોધ્યામાં શ્રી રામ મંદિર નિર્માણનું કાર્ય લગભગ પૂરું થઈ ચુક્યું છે. કેટલાક બાકી કાર્યોને પણ ટૂંક સમયમાં પૂરું કરી લેવામાં આવશે. બીજી બાજુ શ્રી રામ મંદિરના ટ્રસ્ટ તરફથી ॅસ મોદીને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. જોકે, વડા પ્રધાન કાર્યાલય તરફથી આ અંગે કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી ૨૨મી જાન્યુઆરી,૨૦૨૪ના રોજ શ્રી રામ મંદિરમાં રામલલા વિરાજમાન થશે.

આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહેશે. આ વિશેષ આયોજનમાં મોટી સંખ્યામાં રામ ભક્તો પણ સામેલ થશે. આ પ્રસંગે દેશભરના મંદિરોને સજાવવામાં આવશે. સૌ દેશવાસીઓ આ ઐતિહાસિક દિવસના સાક્ષી બની શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે ભગવાન શ્રી રામના જન્મ સ્થળ પર શ્રી રામ મંદિરના નિર્માણ માટે દાયકાઓથી હિંદુ સમુદાય સતત સંઘર્ષ કરતો રહ્યો છે, સેંકડો લોકોએ આ માટે પોતાના જીવનનું બલિદાન પણ આપ્યું છે. આ ઉપરાંત ખૂબ જ લાંબી કાયદાકીય લડાઈ પણ લડવી પડી છે.

શ્રી રામ મંદિર નિર્માણ કામગીરી સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે અત્યાર સુધીમાં મંદિરનું ૯૦ ટકા કાર્ય પૂરું થઈ ચુક્યું છે. ૧૦ ટકા કામગીરી જ બાકી છે,જેને ટૂંક સમયાં પૂરું કરી લેવામાં આવશે. ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

# મહીસાગર જીલ્લાના મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ઊજવાયો શાળા પ્રવેશોત્સવ

## દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરે ભૂલકાંઓને કરાવ્યો કુરેટા પ્રાથમિક શાળા પ્રવેશ.




મહીસાગર,

આજથી સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ -૨૦૨૩નો પ્રારંભ થયો છે. ત્યારે મહીસાગર જીલ્લામાં પણ આજે શાળા પ્રવેશોત્સવ ઊજવાયો હતો. જીલ્લાના કડાણા તાલુકાના કુરેટા પ્રાથમિક શાળા ખાતે દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં શાળાઓમાં પ્રવેશોત્સવ ઊજવાયો હતો.કડાણા તાલુકાના કુરેટા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં ૧૪ ભૂલકાંઓ તથા આંગણવાડીમાં ૦૭ બાળકોને પ્રવેશ અપાયો.શાળા પ્રવેશોત્સવ સમારંભમાં સંબોધન કરતાં દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, દેશનો કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય એ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન છે. તેમના શાળા પ્રવેશોત્સવના પ્રયાસોથી રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો નહિવત થયો છે. ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે.વધુમાં સાંસદ એ જણાવ્યું હતુ કે, સરકારે ગામે ગામે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહી છે જેના થકી બાળકો તેમના સપના પુરા કરી રહ્યા છે. માં પછી બીજું કોઈ ગુરૂ હોય તો તે શિક્ષક છે અને આજનું બાળક એ આપણી આવતી કાલ છે તે માટે તે બાળકને યોગ્ય શિક્ષણ આપવું ખૂબ જરૂરી છે. દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરના હસ્તે કુરેટા પ્રાથમિક શાળા ખાતે ૭૦ લાખના ૭ ઓરડાનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરે કુરેટા પ્રાથમિક શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યુ હતું. શાળા પ્રવેશોત્સવની શરૂઆતમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સ્વાગત ગીત તથા નૃત્ય રજૂ કરવામાં આવ્યાં હતાં. શાળાઓમાં ભૂલકાંઓનું બેગ, પુસ્તકો અને શૈક્ષણિક કિટ આપીને સ્વાગત કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્કૂલના તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ, કડાણા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હરિસિંહ, અગ્રણી ભગવતસિંહ, ગામના સરપંચ, શાળાના આચાર્ય, શિક્ષક ગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ, એસએમસી સભ્ય તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને પ્રવેશ ઉત્સવ ઉજવાયો



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામે કન્યા કેળવણી સંતરામપુર તાલુકાની અને ગોઠીબગામી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા નાના બાળકો અને પ્રાથમિક શાળાના બાળકોને આંગણવાડી તમામને આજે ૪૫૦ બાળકોને સંસદના અદયક્ષ સ્થાને પ્રવેશો ઉજવવામાં આવેલો હતો. જેમાં ગુજરાત સરકારની અને કેન્દ્ર સરકારના નેતૃત્વ હેઠળ બાળકોને સો ટકા વળતર અને મૂલ્યાંક વધી રહે અને શિક્ષણથી વંચિત ના રહે અને ગામડે ગામડે દરેક બાળક શાળામાં જાય અને સારૂં શિક્ષણ મેળવી રહે અને શિક્ષણની ગુણવત્તાનો સારો એવો શિક્ષણનો પાયો મજબૂત થાય તેવા સૌ ભણે સૌ આગળ વધે સો ટક શાળામાં પ્રવેશ મેળવીને શિક્ષણ મેળવે તેના હેતુથી શાળા પ્રવેશશો ઉજવવામાં આવેલો હતો. જેમાં પૂર્વ કેન્દ્ર મંત્રી અને દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર શાંતિલાલ પટેલ સરપંચ સુનિલભાઈ બળવંતભાઈ પટેલિયા શિક્ષકો તમામ ઉપસ્થિત રહ્યા હતા. આવેલા તમામ મહેમાનોનું બુકે આપીને સન્માનિત કરવામાં આવેલા હતા. સ્વાગત કરવામાં આવેલું હતું. જ્યારે સાંસદના અદયક્ષતાની બાલવાટિકા બાળકોને પ્રવેશ આપવામાં આવેલું હતું.


## મહીસાગર જીલ્લા કલેક્ટર રોયણીયા પ્રાથમિક શાળા અને રાઠડાબેટ પ્રાથમિક શાળા ખાતેથી ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો



મહીસાગર,

આજ રોજ કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો શુભારંભ થયો છે. આ શ્રેણીમાં મહીસાગર જીલ્લા કલેક્ટર ભાવિન પંડયા કડાણા તાલુકાના રોયણીયા પ્રાથમિક શાળા અને રાઠડાબેટ પ્રાથમિક શાળા ખાતેથી ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો.શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ના શુભારંભ પ્રસંગે કલેકટર ભાવિન પંડયાએ ભૂલકાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, શાળા પ્રવશોત્સવ થકી નાના બાળકોને પ્રવેશ આપી તિલક કરી પુસ્તક આપી તેની જિંદગીને યાદગાર બનાવવાનો પ્રયાસ છે અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાજ્ય સરકાર લઈ રહી છે. વધુમાં કલેક્ટર જે બાળકોએ આજે પ્રવેશ મેળવ્યો તે બાળકોને જીવનમાં ભણી ગણી ખૂબ આગળ વધે અને માં બાપનું અને ગામનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ આપી આ પ્રસંગે મહાનુભાવોના વરદ હસ્તે કીટ આપી ઉત્સાહ સાથે બાળકોને આવકારવામાં આવ્યા હતા. શાળા પ્રવેશોત્સવ દરમિયાન કલેકટર ભાવિન પંડ્યા દ્વારા શાળામાં ભણતા વિદ્યાર્થી જે જેઓ પેહલા નંબર લાવ્યા હોય તેમને નોટબુક આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા કલેકટરએ એસ.એમ.સીના સભ્યો સાથે બેઠક કરી કામગીરી બાબતે સમીક્ષા કરી હતી.. શાળા પ્રવેશોત્સવ દરમિયાન રોયણાયા પ્રાથમિક શાળા આંગણવાડીમાં -૦૩ બાળકો, બાલવાટિકામાં -૧૫ બાળકો અને ધો-૧માં -૧૨ બાળકોએ પ્રવેશ મેળવ્યો અને રાઠડાબેટ પ્રાથમિક શાળા ખાતે આંગણવાડીમાં -૦૫ બાળકો, બાલવાટિકામાં -૧૨ બાળકો અને ધો-૧માં -૧૧ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.આ પ્રસંગે ગામના સરપંચ, એસએમસી સભ્ય, શાળાના આચાર્ય, શિક્ષકો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા-દાહોદ ઉપર આવેલ રાજ કોમ્પ્લેકસમાં ફાયર સેફટી અને પાર્કિંગ વ્યવસ્થા અભાવ ટ્રાફિકની સમસ્યા



ગોધરા,

ગોધરા-દાહોદ હાઈવે રોડ ઉપર ભરચક વિસ્તારમાં આવેલ રાજ કોમ્પ્લેકસમાં દુકાનો, કલાસીસ, ઓફિસો તેમજ રહેણાંક મકાનો આવેલ છે. આ કોમ્પ્લેકસોમાં ફાયર સેફટીની સુવિધા તેમજ પાર્કિંગની વ્યવસ્થાનો અભાવ જોવા મળી રહ્યો છે. આવા ધમધમતા કોમ્પ્લેકસમાં ફાયર સેફ્ટીની સુવિધા ન ધરાવતું હોય તેમ છતાં પાલિકા તંત્ર જાણે કોઈ દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે. તેમ લાગે છે.

ગોધરા શહેરના બી.વી.ગાંધી પેટ્રોલ પંપ નજીક હાઈવે રોડ ઉપર આવેલ રાજ કોમ્પ્લેકસમાં દુકાનો, ઓફિસો, ટયુશન કલાસીસ તેમજ રહેણાંક મકાન પણ આવેલ છે. આવા ધમધમતા કોમ્પ્લેકસમાં અત્યાર સુધી ફાયર સેફટીની સુવિધા ઉભી કરાઈ નથી. સામાન્ય રીતે આવા કોર્મશીયલ કોમ્પ્લેકસમાં ફાયરની સેફટી ધરાવે છે કેમ તેની તકેદારી પાલિકાને રાખવાની થતી હોય છે પરંતુ આવા ધમધમતા શોપીંગ કોમ્પ્લેકસમાં ફાયરની સુવિધા ઉભી કરાઈ નથી. પરિણામે ભવિષ્યમાં કોઈ દુર્ઘટના સર્જાય તો જાનહાનિ થવાની શકયતા નકારી શકાય નહિ. અધુરમાં પુરુ રાજ કોમ્પ્લેકસથી બહાર આડેધડ રીતે થતાં વાહનોના પાર્કિંગને લઈ ટ્રાફિકની સમસ્યા ગંભીર બની રહી છે. એવું પણ નથી કે રાજ કોમ્પ્લેકસમાં વાહન પાર્કિંગની સુવિધા નથી. કોમ્પ્લેકસના બાંધકામ વખતે કોમ્પ્લેકસમાં વાહન પાર્કિંગની જગ્યામાં દુકાનદારો દ્વારા ગેરકાયદેસર રીતે ગોડાઉન તરીકે ઉપયોગ કરાઈ રહ્યો છે.રાજ કોમ્પ્લેકસમાં વાહન પાર્કિંગની સુવિધા હોવા છતાં આ પાર્કિંગ એરીયામાં ગેરકાયદેસર ગોડાઉન તરીકે દુકાનદારોએ ઉપયોગ શરૂ કરતાં શોપીંગ કોમ્પ્લેકસના દુકાનદારો ટયુશન કલાસીસમાં આવતા વિદ્યાર્થીઓ, ઓફિસ કર્મીઓને વાહનો ના છુટકે રોડ ઉપર પાર્કિંગ કરવા પડતા ટ્રાફિકની સમસ્યા કાયમી જોવા મળે છે. ત્યારે રાજ કોમ્પ્લેકસમાં પાર્કિંગ સેન્ટરની વ્યવસ્થા સુચારૂ શરૂ કરાય તે જરૂરી છે. સાથે ગોધરા પાલિકા ફાયર સેફટી વિભાગ દ્વારા રાજ કોમ્પ્લેકસમાં ફાયર સેફટીની સુવિધા ઉભી કરવા કાર્યવાહી કરાય તે જરૂરી છે.

## દે.બારીયાના સરકારી અનાજના ગોડાઉનમાં લો સાંભળો ચોખાનો જથ્થો ઉપલબ્ધ નથી ???

દે.બારીયા,

દે.બારીયા તાલુકાની લગભગ ૮૪ દુકાનો આવેલી છે. અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના સરકારી અનાજના ગોડાઉનમાં જુન ૨૦૨૩ માસનો વિના મુલ્યેના અનાજમાં ચોખાનો જથ્થો સ્ટોકમાં કેમ ઉપલબ્ધ કરતો નથી. જુન માસની ૧૨/૦૬/૨૦૨૩ બાર દિવસ થયા તો પણ જથ્થો લાવવામાં કોણ જવાબદારી લેશે અને શા કારણે પહેલી જુને આવ્યો નથી. તે તપાસ થાય તો ચોંકાવનારી બાબત મળશે. અનાજ માફિયાઓનો ખેલ ચાલી રહ્યો છે ?

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા દે.બારીયાના સરકારી અનાજના ગોડાઉનમાં જુન-૨૦૨૩ માસનો અડધોં માસ વિતવા આવ્યો તેમ છતાં ચોખાનો જથ્થો નથી. જેથી દુકાનદારો ચોખાનો જથ્થો આપશે ત્યારે તમામ અનાજ આપવાની જીદે ચડયા છે. તે કેટલું વ્યાજબી ગણાય ચોખાનો જથ્થો કયારે આવશે કયારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો જથ્થો વિતરણ કરાશે. જેથી લાગતા વળગતા તાલુકા અને જીલ્લાના પદના અધિકારીઓ જે જથ્થો હાજર સ્ટોકમાં છે. તેનું વિતરણ કરવા માટે દુકાનદારોને સમજ આપશે ખરાં ? કે પછી જે સ્ટોકમાં જથ્થો છે તેને સગેવગે કરવા માટે તક અપાઈ રહી છે. કંઈને કંઈ બહાનું આગળ રાખીને દુકાનદારો લાભાર્થીઓને દુકાનદારો ધરમકના ધકકા ખવડાવી રહ્યા છે. તે કોની રહેમનજરે તે તમામ આમ ગરીબ લાભાર્થીઓ સમજાય રહ્યું છે. દુકાનદારો ૬૦ થી ૭૦ ટકા અનાજ ઉંચા ભાવે વેચી સૌનો ભાગ બટાઉં થાય છે ?

## ફતેપુરા તાલુકામાં કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવ નિમિત્તે પ્રથમ દિવસે ૧૦૬૬ બાળકોને પ્રવેશ અપાયો.

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત તાલુકાની શાળાઓમાં નવીન શરૂ થયેલ બાલવાટિકાઓ, ધોરણ એકમાં શાળાના બાળકોને અભ્યાસ અર્થે પ્રવેશ આપવામાં આવ્યો હતો. તાલુકાના મોટીરેલ, સલરા, ઘુઘુસની શાળાઓમાં દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયારના હસ્તે બાલ વાટિકાના બાળકોને શાળાના વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી પેન, પાટી, પુસ્તક, દફતર, કંપાસ, પાણીની બોટલો આપી પ્રવેશ કરવામાં આવ્યો હતો. પ્રવેશની સાથે પ્રથમ દ્રુત્ય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓ, અભ્યાસ દરમિયાન સો ટકા હાજર રહેનાર વિદ્યાર્થીઓને પ્રશસ્તિ પત્ર અને પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શંકરભાઈ અમલીયારે વિદ્યાર્થીઓ વાલીઓને સંબોધીને જણાવ્યું હતું. બદલાતા સમયની સાથે શિક્ષણની ખૂબ જ જરૂર હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવા વાલીઓને અપીલ કરી હતી. સરકાર દ્વારા શિક્ષણ પ્રત્યે તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવતી હોવાની વાત કરી સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી પોતાના બાળકને ભણાવી ગણાવી આગળ વધારી નોકરી કરી શકે તેવા પગભર કાબેલ બનાવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતે એસએમસીના સભ્યો અને શાળાના શિક્ષકો આચાર્ય આંગણવાડી બહેનો સાથે મીટીંગ યોજવામાં આવી હતી. તાલુકામાં પ્રથમ દિવસે ૧૦૬૬ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. નાની ઢઢેલી, વાંકાનેર ગામે ધારાસભ્ય રમેશભાઈ કટારા અને શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલભાઈ ડામોરે બાળકોને પ્રવેશ અપાવ્યો હતો.

## મલેકપુર પગાર કેન્દ્ર શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

મલેકપુર,

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૩ અંતર્ગત મલેકપુર પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. જેમાં આંગણવાડી વાડીના ૨ બાળવાટિકામાં ૭ ધોરણ-૧માં ત્રણ બાળકોને શૈક્ષણિક કિટ આપી પ્રવેશ આપવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મહાત્મા ગાંધી વિનય મંદિર હાઈસ્કૂલના માજી આચાર્ય તાવીયાડ, લાયઝન અધિકારી, SMCના અધ્યક્ષ, માજી CRC પંડ્યા, ગામના વાલીઓ તથા આરોગ્ય કેન્દ્રના, આંગણવાડી, શાળાના કર્મચારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગિક પ્રવચન કરી બાળદેવો ભવિષ્યમાં ઉચ્ચ લાયકાત મેળવી દેશ સેવામાં ભાગીદાર થાય તેવા આશીર્વાદ આપવામાં આવ્યા.

## મોરવા(હ)ના સાલીયા થી ખાબડા રોડ ઉપર બાઈક સ્લીપ ખવડાવી દેતા બાઈક પાછળ બેઠેલ મહિલાને ઈજાઓ થતાં મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સાલીયા થી ખાબડા ગામ જવાના રોડ ઉપર બાઈક ચાલક પોતાની વાહન પુરઝડપે હંકારી રોડ ઉપર સ્લીપ ખવડાવી દેતાં બાઈક પાછળ બેઠેલ ૨૮ વર્ષીય મહિલાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના સાલીયા થી ખાબડા ગામ જવાના રોડ ઉપર બાઈક નં.જીજે.૧૭.સીએફ.૧૮૦૭ના ચાલક જીતેન્દ્ર સબુરભાઈ પટેલ પોતાની બાઈક પુરઝડપે હંકારી લાવી બાઈકને રોડ ઉપર સ્લીપ ખવડાવી દેતાં બાઈક પાછળ બેઠેલ શીલ્પાબેન પ્રદિપકુમાર પટેલ ઉ.વ.૨૮ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## વેજલપુર નર્મદા ટાંકી પાસે રહેતા ૩૦ વર્ષીય યુવાને અનાજમાં છાંટવાની દવા પી જતાં મોત

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર નર્મદા પાણીની ટાંકી પાસે રહેતા ૩૦ વર્ષીય યુવાન દારૂ પી ગાળો બોલતો હોય ગાળો બોલવાની ના પાડતા ખોટું લાગી જતાં અનાજમાં નાખવાની દવા પી જતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર નર્મદા પાણીની ટાંકી પાસે રહેતા હસમુખ મંગળભાઈ બારીયા (નાયક) ઉ.વ.૩૦ દારૂ પીવાની ટેવ ધરાવતો હોય અને દારૂ પીને ગાળો બોલતા જાહેરમાં ગાળો આપવાની ના પડતાં મનમાં ખોટું લાગતાં છાપરામાં રાખેલ અનાજમાં છાંટવાની દવા પી જતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

## પાવાગઢ યાત્રાધામ ખાતે ૩૫ થી ૪૫ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા રોપ-વે સેવા બંધ કરાઈ

પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ ખાતે પવનની તિવ્રતા વધતાં છેલ્લા પાંચ કલાકથી રોપ-વે સેવા બંધ કરાઈ. યાત્રિકોને પગપાળા ચડવાનો વારો આવ્યો.

ગુજરાતના દરિયા કિનારા ઉપર બિપોરજોય વાવાઝોડા થી પવનો ફુંકાઈ રહ્યા છે. ફુંકાતા પવનોની અસર પંચમહાલ જીલ્લાના યાત્રાધામ પાવાગઢમાં જોવા મળી પાવાગઢમાં પવન ૩૫ થી ૪૫ કિ.મી.ની ઝડપ થી ફુંકાતા માંચી ખાતે ચાલતી રોપ-વે સેવાઓ છેલ્લા પાંચ કલાક



થી બંધ કરાઈ છે. રોપ-વે સેવા બંધ કરતાં યાત્રિકોને પગપાળા પાવાગઢ ચડવાનો વારો આવ્યો.

## આપની આજ.......

મેષ: પુત્ર કે પુત્રીને લગતા કોઈપણ વિવાદનું સમાધાન પણ કરવામાં આવશે. સુખી વ્યક્તિત્વ હોવાને કારણે અન્ય લોકો તમારી સાથે સંબંધ રાખવાનો પ્રયાસ કરશે. સામાજિક સન્માન મેળવીને તમને મનોબળમાં વેગ મળશે.

વૃષભ:આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે અને હિંમતભેર તમારા મુશ્કેલ કાર્યો પૂરા કરવામાં સમર્થ થશો. પર્યાપ્ત સહયોગથી તમને તમારા માતા-પિતાનું સુખ મળશે. શરીરમાં પીડાને કારણે પત્નીને થોડી મુશ્કેલી થઈ શકે છે.

મિથુન:તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચ કરો છો. તમને તમારા પરિવારના સભ્યોથી દગાની સંભાવના છે. સાંજથી રાત સુધીની સાંજની સફર પણ થઈ શકે છે, જે ફાયદાકારક રહેશે.

કર્ક:આજે કોઈ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન ના લો, તે લોનમાંથી બહાર ઉતરવું મુશ્કેલ બનશે. જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રોમાં પણ વૃદ્ધિ થશે. આજે તમને તમારી પત્ની તરફથી સારો સહયોગ મળી શકે છે.

સિંહ:આજનો દિવસ તમારા માટે સારો છે. આજે તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના સારા વિશે વિચારશો અને હૃદયથી સેવા પણ કરશો. આજે તમારી પાસે તમારા ગુરુ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને વફાદારી છે.

કન્યા: લોકો માટે મિશ્રિત ફળનો દિવસ છે. માનસિક અશાંતિ, ચિંતાને કારણે તમે ભટકી શકો છો. માતા-પિતાના ટેકા અને આશીર્વાદ રાહત આપશે. આજે સાસરિયાઓ તરફથી નારાજગીના સંકેત મળશે, મધુરવાણીનો ઉપયોગ કરો, નહીં તો સંબંધોમાં કડવાશ આવશે.

તુલા:જેને તેઓ ઈચ્છતા ન હોય તો પણ મજબૂર થઈ કરવા પડશે. સાસરિયાઓ તરફથી તમને માન મળશે. તમને તમારા વ્યવસાયમાં પણ એવું લાગશે અને અટકેલા કામ પૂરા થશે.

વૃશ્ચિક: ગણેશજી કહે છે, આજે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ આસપાસ ભાગદોડમાં સાવચેત રહો. પગમાં ઈજા થવાનો ભય છે. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ મળી શકે છે.

ધનુ: મન ચંચળ રહેશે. આને કારણે ઘણી બધી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. એટલું જ નહીં, વ્યવસાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો આજે નિરર્થક થઈ શકે છે. સાંજ સુધીમાં તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

મકર: ગણેશજી કહે છે, આજે મકર રાશિના લોકોએ વ્યર્થ ખર્ચ ટાળવો જોઈએ. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો તો આજે તેમાં વધારો થઈ શકે છે. પરંતુ સાંજ સુધી આરામ મળી રહેશે. સામાજિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ રહેશે. જો કે, કોઈની સહાયથી અચાનક ફાયદો થતા ધર્મ પ્રત્યેની તમારી રુચિ વધશે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે.

કુંભ: તમારામાં દાન અને દાનની ભાવનાનો વિકાસ થશે. ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. સાંજથી રાત સુધી પેટની બીમારી થવાની સંભાવના છે. સાવચેત રહો અને ખોરાક પર સંયમ રાખો.

મીન:આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતથી તમને સારા પરિણામ મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગની સંભાવના છે. આજે માતા-પિતાની વિશેષ કાળજી લો, તે આશીર્વાદનો યોગ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ : બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છેલ્લા બે દાયકામાં શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન આવ્યું.



દાહોદ,

રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવ–૨૦૨૩ અંતર્ગત 'ઉજવણી.. ઉજ્જ્વળ ભવિષ્યની..' સૂત્ર સાથે દાહોદ જીલ્લાના પ્રભારી મંત્રી અને રાજયના આદિજાતી વિકાસ વિભાગના અને પ્રાથમિક, માદયમિક તેમજ પ્રોઢ શિક્ષણ વિભાગના મંત્રી કુબેરભાઇ ડિડોંરના અદયક્ષતામાં દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના નેલસુર ઘાટી, અભલોડ અને ગરબાડા કુમારશાળા ખાતે બાલવાટીકામાં અને ધો. ૧ માં પ્રવેશ પામનાર બાળકોનું નામકાંન કરાવ્યું હતું.

આ અવસરે કેબિનેટ મંત્રી કુબેરભાઇ ડિડોંરએ જણાવ્યું હતું કે રાષ્ટ્રના ભાવિ નાગરિક એવા બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આયોજીત પ્રવેશોત્સવ અંતર્ગત પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે શાળાનો પ્રથમ દિવસ યાદગાર બની રહેશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ઈશ્વરે દરેક બાળકને ભેટ રૂપે વિશિષ્ટ કલા આપેલી હોય છે. બાળકની રૂચિને પારખી, તેના કૌશલ્યને કેળવવું એ શિક્ષકની નૈતિક ફરજ છે. રાજય સરકાર શિષ્યવૃતિ, નિઃશુલ્ક સાઈકલ, વિદેશ અભ્યાસ માટે લોન જેવી અનેકવિધ યોજના સાથે શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરવા કટિબદ્ધ છે. ત્યારે શાળામાં ભુલકાંઓ હસતા–રમતા પ્રવેશ મેળવે, તેનો શ્રેય જે તે શાળાના શિક્ષકો અને આંગણવાડીની બહેનોને જાય છે. આંગણવાડીમાં બાળકોને અક્ષરજ્ઞાનની સાથે પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપી શાળામાં ભણવા માટે તૈયાર કરતા આંગણવાડી બહેનો અભિનંદનને પાત્ર છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવનો આ કાર્યક્રમ છેલ્લા ૨૦ વર્ષથી નિરંતર ચાલે છે. કન્યા કેળવણી ક્ષેત્રે આ કાર્યક્રમ દ્વારા નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. રાજયમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ જ ઘટયો છે. હવે ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ મેળવવાનો રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે. જેમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. આજે સરકારી શાળાઓમાં ઉત્કૃષ્ટ માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સંસાધનોની ઉપલબ્ધતાના લીધે સરકારી શાળાઓની ઈમેજ અનેકગણી બદલાઈ છે. આપણે નામાંકન દર અને ડ્રોપ આઉટ રેટમાં વિશેષ સિદ્ધિઓ મેળવી છે.

મંત્રીએ જણાવ્યુ હતું કે, બાળકોને ભણી ગણી આગળ વધવાની અને શાળાનું નામ રોશન કરવાની પ્રેરણા આપી હતી. શાળા પ્રવેશોત્સવને આનંદના ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. જે ખૂબ જ પ્રેરણાદાયી છે. એટલુ જ નહી આ નાના નાના ભૂલકાઓ હોંશે હોંશે શાળામાં એક નવા ઉજાસ સાથે પ્રવેશ કરી રહ્યા છે. રાજ્ય સરકારના પ્રયત્નોથી આજે સો ટકા નામાંકનનું લક્ષ્ય સાકાર થયું છે. આ એટલે જ શક્ય બન્યું કારણ કે આપણે શિક્ષણ ક્ષેત્રે જાગૃત્ત બન્યા. વધુમાં ઉમેરતા તેમણે જણાવ્યુ કે, રાજ્ય સરકારે સરકારી શાળાઓમાં અદ્યતન સુવિધાઓનું નિર્માણ કર્યું છે. શિક્ષણ ક્ષેત્રે આવેલા આ પરિવર્તન થકી ભૂલકાઓના સુંદર ભવિષ્યનું નિર્માણ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય એ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન છે. તેમના શાળા પ્રવેશોત્સવના પ્રયાસોથી રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો નહિવત થયો છે. સો ટકા નામાંકન થઈ રહ્યું છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. જેથી માતા–પિતાએ બાળકને અભ્યાસુ, વ્યવહારૂ, પ્રામાણિક અને સંસ્કારી બનાવવાનું બીડું ઝડપી બાળકોને નિયમિતપણે શાળાએ મોકલવા સંકલ્પબદ્ધ બને એમ ઉમેર્યું હતું.

આજના શાળા પ્રવેશોત્સ કાર્યક્રમ દરમિયાન ગરબાડા તાલુકાની નેલસુરી ઘાટી પ્રા.શાળામાં ધો.૧માં ૨૦, બાલવાટિકામાં ૨૫, અભલોડ પ્રા.શાળામાં ધો.૧માં ૦૬, બાલવાટિકામાં ૧૫ અને ગરબાડા કુમારશાળામાં ધો.૧માં ૦૭, બાલવાટિકામાં ૨૩ બાળકો એમ પ્રા.શાળામાં કુલ ૬૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

આ વેળાએ મત્રીએ શાળાઅભ્યાસમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા, તેમજ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઇ ભાભોર, જીલ્લા શિક્ષણાધિકારી સુરેશભાઈ મેડા, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિલેશભાઈ મુનિયા, જીલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ ગામના સરપંચઓ, સી.આર.સી. કોઓર્ડીનેટરઓ શાળાના આચાર્યઓ શિક્ષકો, આંગણવાડીના સભ્યો, સામાજીક અગ્રણીઓ, વાલીઓ–ગ્રામજનો અને પ્રવેશ મેળવનાર ભૂલકાઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદમાં રસ્તા પહોળા કરવા ગેરકાયદેસર દબાણો દુર કરતાં વેપારીઓની કફોડી હાલત વૈકલ્પિક વ્યવસ્થામાં કલેકટરને આવેદન



દાહોદ,

દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તાઓ પહોળા કરવાની કામગીરી દરમિયાન શહેરના હાર્દ સમા વિસ્તારોમાં આવેલ વર્ષોથી ધમધમતા વેપાર ધંધાઓને ગેરકાયદેસર ઘોષિત કરી દુકાનોને જેસીબી તેમજ બુલડોઝર મારફતે જમીન દોસ્ત કરી નાખી હતી. દાહોદ શહેરના મોટા વેપારીઓથી લઈને નાના વેપારીઓની હાલત અત્યંત કફોડી બનવા પામી છે. રોજગાર ધંધા છીનવાઈ જતા વેપારીઓને લોન ભરવામાં, બાળકોના શિક્ષણ પૂરૂં પાડવામાં, સામાજીક પ્રસંગોમાં ખર્ચા ઉઠાવવા, મેડિકલનો ખર્ચો ઉઠાવવા વિગેરે અનેક ખર્ચાઓ પહોંચી વળવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે થોડા દિવસો પહેલા દાહોદ નગરપાલિકાના સત્તાધીશો તેમ જ દાહોદના સાંસદ દ્વારા મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી વેપારીઓના હિતને ધ્યાનમાં રાખી તેઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા માટે રજૂઆત કરી હતી, પરંતુ આજે તે વાતને પણ એક મહિના જેટલો સમય વીતી ગયા બાદ પણ દાહોદ શહેરના વેપારીઓને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં ન આવતા દાહોદ શહેરના નાના વેપારીઓથી લઈ છૂટક વેપારીઓ તેમજ મોટા વેપારીઓમાં ચિંતા ના વાદળો છવાઈ ગયા છે. ત્યારે આ સંબંધે દાહોદના વેપારી મિત્ર મંડળ દ્વારા પુનઃ એકવાર દાહોદ નગરપાલિકાના પ્રમુખ તેમજ ચીફ ઓફિસરને અને દાહોદ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુંહતુંઅને તેમાં ઉપરોક્ત સંદર્ભે તાત્કાલિક ધોરણે વેપારીઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. વહેલામાં વહેલી તકે વેપારીઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવે જેથી વેપારીઓ સ્થળાંતર ન કરે અને વેપારીઓના પરિવારમાં કોઈ અનિચ્છનીય બનાવો બને તે અટકાવી શકાય.

## ફતેપુરા તાલુકાના બારીયા ની હથોડ ગામે ડોડીયાર ફળિયામાં નળ સે જળ યોજનામાં વ્યાપક ગેરરીતિઓ આચરાઈ હોવાની ભાજપના સ્થાનિક વરિષ્ઠ કાર્યકરે રજૂઆત કરતા ફતેપુરા તાલુકામાં ખળભળાટ



દાહોદ,

સમગ્ર દાહોદ જીલ્લામાં નળ સે જળ યોજના અમલમાં આવી તે વખતે ફતેપુરા તાલુકામાં પણ નળ સે જળ યોજના અમલમાં આવી હતી અને ફતેપુરા તાલુકામાં નળ સે જળ યોજનાની કામગીરી શરૂ કરાતા બારીયાની હાથોડ ગામે પણ કામગીરી શરૂ કરાઈ છે. જેમાં બારીયાની હાથોડ ગામે ડોડીયાર ફળિયામાં નળ સે જળ યોજનાની કામગીરીની શરૂઆત કરવામાં આવી અને ગામમાં ઘરે ઘરે નળ કનેકશન આપવાની કામગીરી શરૂ કરાઈ. ડોડીયાર ફળિયામાં વિવિધ વિસ્તારોમાં નળ સે જળની પાઈપલાઈનો નાખીને નળ સે જળ યોજનાના નળ ઉભા કરી દેવામાં આવ્યા હોવાનુ દેખાઈ રહ્યું છે. જોકે, આ યોજનાના નળ માત્ર શોભાના ગાંઠિયા સમાન ઊભા કરી દેવાયા પરંતુ નળ કનેક્શન જ આપવામાં આવ્યું નથી અને ગામ લોકો પાણી માટે વલખાં મારી રહ્યા છે, તેમજ ગામના અમુક ઘરોમાં તો નળ સે જળ યોજનાની પાઈપલાઈન કે નળ કનેક્શન નથી પહોંચાડવામાં આવ્યા છે. ગામમાં એક જગ્યાએ તો ફક્ત યોજનાનો નળ ખાલી જ ઉભો કરી દેવાયો અને કેટલીક જગ્યાએ તો નળ સે જળ યોજનાની પાઈપ પણ ખુલ્લી જોવા મળી છે. જ્યારે યોજનાના કોન્ટ્રાક્ટર દ્વારા બારીયાની હથોડ ગામે ડોડીયાર ફળિયામાં નળ સે જળ યોજનાની સમગ્ર કામગીરી પૂરી કરી દેવામાં આવી છે અને ઘરે ઘરે નળ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, તે રીતનું કામ પૂર્ણ થઈ ગયું છે. તેમ કહીને આ કામ બાબતના નાણાં કોન્ટ્રાક્ટર દ્વારા ઉપાડી લેવામાં આવ્યું હોવાનું ગામના જાગૃત નાગરિક અને ભાજપના વરિષ્ઠ કાર્યકરે આક્ષેપ સાથે રજૂઆત કરી છે. જોકે, ગામમાં નળ સે જળ યોજનાના નળ ન આવતા અને નળમાં પાણી ન આવતા ગામ લોકોને પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે અને ગામની મહિલાઓ ગામના છેવાડે આવેલા કુવે પાણી ભરવા માટે મજબૂર બની છે અને ત્યાંથી પાણી ભરી લાવીને પગે ચાલીને પોતાના ઘરે આવે છે. ત્યારે આ સમગ્ર બાબતની વહીવટીતંત્ર દ્વારા ગંભીર નોંધ લઈને આ ગામ લોકોની સમસ્યા હલ કરવામાં આવે અને નળ સે જળ યોજનાની થયેલી કામગીરીની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને ગ્રામજનોને યોગ્ય ન્યાય આપવામાં આવે તેવી બારીયાની હાથોડ ગામના ડોડીયાર ફળિયાના ગ્રામજનોએ માંગ કરી છે.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જીલ્લા શાખા દ્વારા નિઃશુલ્ક ફિઝીયોથેરાપીની જાણકારી તથા તપાસનો કેમ્પ યોજવામાં આવ્યો

દાહોદ,

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દાહોદ જીલ્લા શાખા દ્વારા નિઃશુલ્ક ફિઝિયોથેરાપી તપાસ તથા જાણકારી અંગેનો એક કેમ્પ રેડક્રોસ સોસાયટીના કૌશલ્ય ખુશાલી ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે ઈન્ડિયા રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખા અમદાવાદના નિષ્ણાંત ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર શીતલબેન મોદી, ડોક્ટર હર્ષભાઈ દાહોદ રેડક્રોસના વાઈસ ચેરમેન, ડોક્ટર બી.એસ.અગ્રવાલ દાહોદ થેરાપી સેન્ટરના ડોક્ટર કરિશ્માબેન લોખંડે માર્ગદર્શન આપી. લાભાર્થીઓને ફિઝિયોથેરાપીની તપાસ કરી જરૂરી એક્સરસાઈઝ કરાવી જરૂર જણાય તેવા લાભાર્થીઓને નિઃશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી. આ કેમ્પમાં દાહોદ શહેરના લાભાર્થી ભાઈ–બહેનોએ મોટી સંખ્યામાં કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં અદ્યતન સાધનો દ્વારા લાભ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા રેડક્રોસ સોસાયટીના ચેરમેન ગોપાલભાઈ ધાનકા, માનદ મંત્રી જવાહરભાઈ શાહ, સહમંત્રી સાબિર શેખ, બ્લડ બેન્ક ઓર્ગેનાઈઝર કન્વીનર એન.કે.પરમાર, પૂર્વ ચેરમેન કે.એલ.રામચંદાંની, કારોબારી સભ્ય રાજેશભાઈ બચ્ચાની તેમજ કારોબારી સભ્યો તથા સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ફિઝીયોથેરાપી કેમ્પના માધ્યમથી લોકો ફિઝીયોથેરાપી સેન્ટરની વધુમાં વધુ લાભ લે એ શુભ આશયથી કેમ્પ યોજવામાં આવ્યો હતો.

## ગરબાડાના બુટલેગરને દાહોદ પોલીસે ઝડપી પાસા હેઠળ અમરેલી જેલમાં ધકેલ્યો

દાહોદ જીલ્લામાં પ્રોહીબીશનની બદીને ડામવા માટેની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. તેમાં પ્રોહીબીશન લિસ્ટેડ બુટલેગરોને ઝડપી જેલ ભેગા કરવાની કાર્યવાહી અંતર્ગત જીલ્લામાં ગેરકાયદેસર દારૂ ઘુસાડવાની તેમજ હેરાફેરી કરી પ્રોહીના ગુનામાં સંડોવાયેલા ઈસમો તેમજ લિસ્ટેડ બુટલેગરોની યાદી દાહોદ પોલીસે આયોજનબદ્ધ યાદી તૈયાર કરી તેમજ ઘણા લાંબા સમયથી પાસા વોરંટ ફરારી આરોપીઓની માહિતી એકત્રિત કરી તેઓને ઝડપી પાડવા માટેની કાર્યવાહી માટે દાહોદ કઈઇ પોલીસ માહિતી એકત્રિત કરી કાર્યરત હતી. તે દરમિયાન ગરબાડા પોલીસ સ્ટેશન ગુનામાં સંડોવાયેલા પ્રોહી બુટલેગર વિરૂદ્ધ જીલ્લા કલેકટર ડો હર્ષિત ગોસાવી દ્વારા ૨૦૨૨ માં છત્રસિંહ ઉર્ફે સતીશભાઈ ભારતસિંહ પરમાર રહેવાસી સીમલીયા બુઝર્ગ લીમ ફળીયા નાઓને એલસીબી પોલીસે ગરબાડા ખાતેથી ઝડપી તેઓને દાહોદના પોલીસ હેકવાટર ખાતે લાવવામાં આવ્યો હતો. જયાંથી એલસીબી પોલીસે તારીખ ૧૧ મી જૂનના રોજ ગુજરાતનાં અમરેલી જેલ ખાતે પાસા હેઠળ મોકલી આપ્યો હતો.

## ઈન્દોર થી ગોધરા હાઈવે રોડ ઉપર સતી તોરલ હોટલ પાસે આઈસર માંથી ૨૦.૫૪ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ઈન્દોર થી ગોધરા તરફ જતા નેશનલ હાઈવે રસ્તા ઉપર સતી તોરલ હોટલ પાસેથી દાહોદ એલસીબી પોલીસે આઈસર ટેમ્પો માંથી કુલ રૂપિયા ૨૦,૫૪,૪૦૦ ના પ્રોહીબિશન જથ્થા સાથે આઈસર ગાડીના ચાલકની અટક કરી હતી. જયારે આ કેસમાં અન્ય બે મોસ્ટ વોન્ટેડ ફરાર વિરૂદ્ધ પણ પોલીસે પ્રોહિબિશનનો ગુનો આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે પોલીસે વિદેશી દારૂના જથ્થા તેમજ આઈસર ટેમ્પો ની કિંમત મળી કુલ રૂપિયા ૩૦,૫૯,૪૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.

દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ શહેરમાંથી પસાર થતા ઈન્દોર થી ગોધરા તરફ પસાર થતા નેશનલ હાઈવે રસ્તા ઉપર સતી તોરલ હોટલ પાસે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતા હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક આઈસર ટેમ્પો ત્યાંથી પસાર થતા પોલીસ હતી અને આઈસર ટેમ્પો નજીક આવતાની સાથે તેને ચારે તરફથી ઘેરી લઈ ગાડી કા ચાલક સુરેશકુમાર તેજારામ બિશ્નોઇ (રહે. જાલોર,રાજસ્થાન) ની પોલીસે અટકાયત કરી આઈસર ટેમ્પાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની કુલ પેટીઓ નંગ. ૪૬૩ જેમાં બોટલો નંગ. ૯૮૫૨ જેની કુલ કિંમત રૂપિયા ૩૦,૫૪,૪૦૦ ના પ્રોહિબિશન જથ્થા સાથે આઈસર ટેમ્પો, એક મોબાઈલ ફોન વગેરે મળી કુલ રૂપિયા ૩૦,૫૯,૪૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી આ કેસમાં સંડોવાયેલો મોસ્ટ વોન્ટેડ એવા દિનેશભાઈ જાટ (રહે. જાલોર, રાજસ્થાન) અને વડોદરા ગોલ્ડન ચોકડીનો કોઈ અજાણ્યો ઈસમ મળી ઉપરોકત ત્રણેય ઈસમો વિરૂદ્ધ દાહોદ એલસીબી પોલીસે પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



દાહોદ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા કાર્યકર્તાઓ સાથે લીમડી ગમે હનુમાન ટેકરી ઉપર યોજાઈ ટિફિન બેઠક મોટી સંખ્યામાં કાર્યકર્તા ટિફિન લઈને રહ્યા ઉપસ્થિત

## દાહોદ જીલ્લાના ગરબાડાના પાટીયાઝોલમાં આધેડની હત્યાનો ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલતી દાહોદ પોલીસ

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામે ૬૨ વર્ષીય વૃધ્ધ વ્યક્તિને એક ઈસમે પોતાની પત્ની સાથેના આડા સંબંધોના વહેમમાં વૃદ્ધને તીક્ષ્ણ હથિયારથી ઘા મારી ઘટના સ્થળ પરજ મોતને ઘાટ ઉતારી દેવામાં આવતા પંથકમાં ચર્ચા સાથે ખળભળાટ જવા પામ્યો છે.

દાહોદ જીલ્લામાં લગભગ પંદર દિવસની અંદર ૦૬ જેટલા મર્ડરના બનાવો બની ચુક્યાં છે. દાહોદ જીલ્લામાં ગુનાખોરી વધી રહી છે. સુરક્ષાના નામે દાહોદ જીલ્લામાં જાહેર જનતામાં ચિંતા પણ જોવા મળી રહી છે, ત્યારે વધુ એક હત્યાના બનાવને પગલે જીલ્લા ભરમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે.

ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામે બારીયા ફળિયામાં રહેતાં ૬૨ વર્ષીય ચેનાભાઈ કોદરભાઈ બારીયા તારીખ ૧૧ નાં પોતાના ઘરમાં હતા. તે સમયે તેઓના જ ગામમાં રહેતા કનુભાઈ ખાતરાભાઈ બારીયા દ્વારા કોઈ ધારદારહથિયાર વડે ચેનાભાઈ નાં શરીરે ઉપરા છાપરી ઘા મારી ઘટના સ્થળ પરજ ચેનાભાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઘટનાને પગલે સ્થળ પર પરિવારજનો સહિત ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસ સહિત જીલ્લાના ડીવાયએસપીને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. મૃતકના મૃતદેહની નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં ત્યારે મળતી માહિતી પ્રમાણે આ હત્યા પારિવારીક અણબનાવોને કારણે થઈ હોવાનું પ્રાથમીક તબક્કે પોલીસને લાગી રહ્યું હતું. ત્યારે પોલીસે ઉપરોક્ત શકમંદ સહિત કેટલાક લોકોની પૂછપરછ કરતા શકમંદ કનુભાઈ ખાતરાભાઈ બારીયા પોલીસની પૂછપરછમાં ભાંગી પડ્યો હતો અને પોતે તેના ભાઈની હત્યા કરી હોવાનું પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. પોતાની પત્નીના ચેનાભાઈ સાથેના આડા સંબંધના શક વહેમમાં કનુભાઈ ખાતરાભાઈ બારીયાએ ચેનાભાઈને મોતને ઘાટ ઉતાર્યા હોવાની માહિતી મળી રહી છે.

આ સંબંધે મૃતક ચેનાભાઈ કોદરભાઈ બારીયાના ૧૯ વર્ષીય પુત્ર અલ્પેશભાઈ ચેનાભાઈ બારીયાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગરબાડાના પાટીયા ઝોલ ગામે વૃદ્ધની હત્યાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો હતો.

## દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના નાની ઢઢેલી ખાતે પોલીસ પટેલની અધ્યક્ષતામાં રૂઢિગત ગ્રામસભાનું આયોજન કરાયું

દાહોદ,

ગુજરાતની સ્થાપના બાદ ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર દ્વારા ગામડે–ગામડે પોલીસ પટેલનો હોદ્દો ગામની જાગૃત અને સમજદાર વ્યક્તિને સોંપી ગ્રામ્ય વિસ્તારોમાં ગુનાહિત પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખવાના હેતુથી નિમણૂંકો આપવામાં આવતી હતી. પરંતુ સમય જતા પોલીસ પટેલનો હોદ્દો રદ્ કરવામાં આવ્યો હતો. જ્યારે હાલ ફરીથી ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ પટેલના હોદ્દા માટે નિમણૂક કરી ગુનાહિત પ્રવૃત્તિમાં ઘટાડો થાય તે હેતુથી પોલીસ પટેલની પ્રથા ચાલુ કરવામાં આવી હોવાથી જાણવા મળે છે.પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના નાની ઢઢેલી ખાતે પારગી મિલનકુમાર રમેશભાઈની નાની ઢઢેલી ગામના પોલીસ પટેલ તરીકેની નિમણૂક બાદ પ્રથમ રૂઢિગત ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ગામના આગેવાનો, સુખસર પોલીસ સ્ટેશન નીંદકા આઉટ પોસ્ટના બીટ જમાદાર તથા મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. જેમાં ઉપસ્થિત ગ્રામજનોને પોલીસ પટેલની ફરજ, પોલીસ પટેલને પોતાના ગામમાં કરવાના કાર્યો તથા તેની જવાબદારી વિશે બિટ જમાદાર સંજયભાઈ મકવાણાએ માહિતગાર કર્યા હતા.

પોલીસ પટેલને ગામમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે,ગુન્હાહિત પ્રવૃત્તિઓ ઉપર અંકુશ આવે તથા ગામમાં નાની–નાની બાબતો એટલે કે સામાન્ય બોલાચાલી જેવા બનાવો ગંભીર સ્વરૂપ ધારણ કરે નહીં અને ગામ લોકો સલામતીનો અનુભવ કરે તેના માટે પોલીસ પટેલ દ્વારા સજાગતા રાખવાની હોય છે. અગર બનવા કાળ ગામમાં કોઈ કાયદાકીય દ્રષ્ટિએ અઘટીત ઘટના ઘટે તો જે–તે ઘટનાની જાણ પોલીસ સ્ટેશનમાં પહોંચાડી ગુનેગારોને કાયદાની છટકબારીથી પિડિત લોકોને અન્યાય થાય નહીં તેના માટે સજાગતા રાખવા માટે સક્રિય રહી પોલીસ પટેલ દ્વારા મહત્વનો ભાગ ભજવવાનો હોય છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.249

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# શાળા પ્રવેશોત્સવનો પ્રથમ દિવસ:ઉજવણી ઉજ્જ્વળ ભવિષ્યની

## રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડે ખાનપુર પ્રાથમિક શાળા,મોરવા હડફ ખાતેથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો.



ગોધરા,
આજ રોજ કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો શુભારંભ થયો છે. આ શ્રેણીમાં પંચમહાલ જીલ્લામાં ૧૫૨ રૂટો પર વિવિધ મહાનુભાવો દ્વારા આંગણવાડી, બાલવાટિકા અને શાળાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જીલ્લાના મોરવા હડફ તાલુકાની ખાનપુર પ્રાથમિક શાળા ખાતેથી પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને બાલવાટિકામાં ૩૪ અને ધોરણ-૧માં ૧૨ ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. મંત્રી અને મહાનુભાવોના વરદ હસ્તે બાળકોને કીટ આપી ઉત્સાહ સાથે આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના થકી કરાઈ હતી. શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ના શુભારંભ પ્રસંગે મંત્રીએ ભૂલકાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, દેશ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે. ત્યારે તાત્કાલિક મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરાવેલ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ થકી આજે એક ઉત્સવના ભાગરૂપે આ મહોત્સવ ઉજવાય છે. કોઈ બાળક શિક્ષણથી વંચિત ના રહે તથા નવી શિક્ષણ નીતિનો અમલ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૦૯માં સરકારએ ગુણોત્સવનો પ્રારંભ કરાવ્યો તથા બાળકના અભ્યાસનું મૂલ્યાંકન કરવાની પણ શરૂઆત કરાવી હતી. આજે શાળાઓમાં ડિજીટલ માળખાની સુવિધાઓ, સ્માર્ટ ક્લાસ, લેબ, રમતગમતનું મેદાન, મિશન સ્કૂલ ઓફ એકસેલન્સ વગેરે સુવિધાઓ થકી શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ સાથે મંત્રી અને મહાનુભાવોએ શાળામાં વૃક્ષારોપણ કરીને એસ.એમ.સી કમિટીની બેઠક યોજીને જરૂરી સૂચનો કર્યા હતા. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ વખતે ગામના સરપંચ,તાલુકા પંચાયતના સભ્ય સહિત એસ.એમ.સી સમિતિના સભ્યો, ગ્રામ લોકો અને શાળાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લા કલેકટર સાલીઆ પ્રાથમિક શાળા,મોરવા હડફ ખાતેથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો



ગોધરા,
આજ રોજ કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો શુભારંભ થયો છે. આ શ્રેણીમાં પંચમહાલ જીલ્લામાં ૧૫૨ રૂટો પર વિવિધ મહાનુભાવો દ્વારા આંગણવાડી,બાલવાટિકા અને શાળાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.


જીલ્લાના મોરવા હડફ તાલુકાની સાલીઆ પ્રાથમિક શાળા ખાતેથી પંચમહાલ જીલ્લા કલેકટરના અદયક્ષસ્થાને બાલવાટિકામાં ૨૭ અને ધોરણ ૧માં ૦૬ ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. કલેકટર અને મહાનુભાવોના વરદ હસ્તે બાળકોને કીટ આપી ઉત્સાહ સાથે આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના થકી કરાઈ હતી. શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ના શુભારંભ પ્રસંગે કલેકટરએ ભૂલકાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, નાના ભૂલકાઓને પાયાનું શિક્ષણ આપવું ખૂબ જ જરૂરી બને છે. જેની શરૂઆત ઘર અને આંગણવાડીથી કરાય છે, ત્યારે આંગણવાડીમાં બાળકોને પોષણક્ષમ આહાર મળી રહેવો જોઈએ. દરેક બાળકમાં ક્ષમતા રહેલી હોય છે. તેને યોગ્ય વાતવરણ મળી રહે તો આવતીકાલ તેના અને સમાજ માટે સોનેરી બને છે. શિક્ષણ નિરંતર ચાલતી પ્રક્રિયા છે અને દરેક બાળક પ્રગતિના પંથ સર કરે તેવી શુભેચ્છાઓ જીલ્લા કલેકટરે બાળકોને પાઠવી હતી. જીલ્લા કલેકટરએ શાળાના વર્ગખંડોનું નિરીક્ષણ કર્યું હતું.વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું તથા એસ.એમ.સી કમિટીના સભ્યો સાથે બેઠક પણ યોજીને જરૂરી સલાહ સૂચનો કર્યા હતા. આ પ્રસંગે આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફીસર રમીલાબેન ચૌધરી, ગામના સરપંચ, એસ.એમ.સી સમિતિના સભ્યઓ સહિત ગ્રામ્ય લોકો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણે પીંગળી પ્રાથમિક શાળા કાલોલ ખાતેથી શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી



ગોધરા,
આજ રોજ કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો શુભારંભ થયો છે. આ શ્રેણીમાં પંચમહાલ જીલ્લામાં ૧૫૨ રૂટો પર વિવિધ મહાનુભાવો દ્વારા આંગણવાડી, બાલવાટિકા અને શાળાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.જીલ્લાના કાલોલ તાલુકાની કિર્તનસિંહજી પૃથ્વીસિંહજી, પીંગળી પ્રાથમિક શાળા ખાતેથી કાલોલ ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણે કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો શુભારંભ કરાવ્યો હતો. આ તકે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ માં કુલ ૨૬ બાળકોને શાળામાં પ્રવેશ અપાયો હતો. આ તકે મહાનુભાવોના વરદ હસ્તે બાળકોને કીટ આપી ઉત્સાહ સાથે આવકારવામાં આવ્યા હતા.શાળામાં વૃક્ષારોપણ સહિત એસ.એમ.સી કમિટીના સભ્યો સાથે બેઠક પણ યોજાઈ હતી. આ તકે આચાર્ય વિનોભાઈ પગી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા અગ્રણી કિરણસિંહ સોલંકી, TPEO કાલોલ વિરેન્દ્રસિંહ, લાયઝન અધિકારી જગદીશભાઈ મકવાણા, ઉપસરપંચ દશરથસિંહ તથા SMC સભ્યો અને વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

## ચલાલી થી વેજલપુર જોડતા માર્ગનું નવીનીકરણ કે તાત્કાલિક સમારકામ કરવા બાબત અને ચલાલી ગોમા નદી ઉપર મંજૂર થયેલ ચેક ડેમનું કામ ચાલુ કરવા અધિક જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું



કાલોલ,
પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના વેજલપુરથી ચલાલી, કરોલી અને સીમલીયા ગામને જોડતા માર્ગ ઉપર મોટા મોટા ખાડા પડી ગયા છે. ત્યારે આ વિસ્તારના લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીઓ પડે છે. હાલ ચોમાસાની ઋતુમાં રસ્તા ઉપર પડેલા જોખમી ખાડામાં પાણી ભરાઈ જાય છે, તેથી માર્ગમાં આવેલા ખાડા દેખાતા નથી. તેથી વાહનો ખાડામાં ખાબકતાં અકસ્માતો સર્જાય છે અને વાહનોને બહુ મોટા પાયે નુકસાન પણ થઈ રહ્યું છે.

વેજલપુરથી ચલાલી સીમલીયા ગામને જોડતો આ ડામર રસ્તો કરોડો રૂપિયાના ખર્ચે પહોળો બનાવવામાં આવ્યો હતો તેમાં તદન ભ્રષ્ટ્રાચાર થયેલો છે, જે પણ કોન્ટ્રાકટર કે કોઈ એજન્સી દ્વારા રોડ બનવામાં આવ્યો છે, તે વર્ક ઓર્ડર પ્રમાણે અને સરકારી નિયમો અનુસાર બનવામાં આવ્યો જ નથી. તે માર્ગના પણ સેમ્પલ લેવામાં અને તપાસ કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. વેજલપુરથી ચલાલી જોડતો આ રસ્તો થોડાક સમયમાં તૂટી ગયો હતો. ત્યારબાદ તેને સમયાંતરે હલકી ગુણવતા વાળું મટીરીયલ વાપરીને રીપેરીંગ કરીને લીપાપોતી કરીને છોડી દેવામાં આવે છે. હાલ ખૂબ જ ખરાબ પરિસ્થિતિ થઈ ચૂકી છે. ત્યારે આ રસ્તાનું નવીનીકરણ કરવામાં આવે કે તાત્કાલિક રસ્તાનું સમાર કામ કરવામાં આવે તેવી કલેકટર ને રજૂઆત કરી છે. મુખ્ય વ્યવહાર વેજલપુર સાથે હોવાનું જણાવ્યું છે ચલાલી કે આજુબાજુના ગામડાઓમાં અકસ્માતો તેમજ પ્રસુતિ માટે પણ લોકોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓનો લાભ ઝડપી મળતો નથી. કારણ કે આ રસ્તાઓની પરિસ્થિતિ ખૂબ જ બદતર હાલતમાં હોવાને લીધે વાહન ચાલકોને ઘણી બધી મુશ્કેલીઓ પડે છે. ચલાલી ગામે પહોંચવામાં વધારે સમય લાગી જાય છે. એવા અનેક કારણોને લીધે ગામલોકો એમ્બ્યુલન્સના લાભથી વંચિત રહી જાય છે

ચલાલી ગોમા નદી ઉપર મંજૂર થયેલ ચેક ડેમનું કામ હજુ સુધી ચાલુ કરેલ નથી. અંદાજીત બે વર્ષ થી આ કામ મંજૂર છે. તેવું ગ્રામજનો કહી રહ્યા છે અને જયાં ચેક ડેમ બનાવાનો છે. ત્યાંથી સેમ્પલ પણ લેવાય ગયા છે, પણ હજુ સુધી કામ ન થતાં પાણીની સમસ્યાથી ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. પાણીની સપાટી દિન પ્રતિદિન નીચે જઈ રહી છે. છ હજાર વસ્તી ધરાવતું ચલાલી ગામ પાણી માટે વલખાં મારવાં પડે છે. નદીમાં, તળાવોમાં, કૂવામાં, બોરમાં પાણી સુકાઈ જાય છે, તો ચલાલી ગોમા નદી ઉપર ચેક ડેમ બને તો ચલાલી ગામને રાહત થાય તેમ છે. તો વેહલી તકે કામ ચાલુ કરવા ચલાલીના ગ્રામજનોએ માંગ કરી છે. ચલાલી ગામના લોકોને માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. નેતાઓ માત્ર ચૂંટણીઓમાં પ્રચાર પ્રસાર કરવા માટે આવે છે, પછી કોઈ જ આવતું નથી. માર્ગનું નવીનીકરણ કરવામાં આવે તેવી માંગ કરી છે. જો વેહલી તકે રસ્તાનું સમારકામ કરવામાં નહિ આવે તો અગામી સમયમાં સાત દિવસમાં ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી આજુ બાજુના ગામોને સાથે રાખી આંદોલન પણ કરીશું. રસ્તા ઉપર ઉતરીશું જે પણ કરવું પડે તે કરીશું. તેવું ગ્રામજનોએ જણાવ્યું હતું.

## પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકામાં બાળમજુરી કરાવતા લોકોને ત્યાં ટાસ્ક ફોર્સના સભ્યો દ્વારા રેડ કરાઈ

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબુદી માટે જીલ્લા ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામાં આવેલ છે. આ કમિટી દ્વારા તા.૧૨-૦૬-૨૦૨૩ના રોજ ગોધરા અને કાલોલ ખાતે ટાસ્કફોર્સ રેડ કરવામાં આવી હતી. ઉક્ત રેડ દરમ્યાન ૦૭ તરૂણ શ્રમિક મળતા સંસ્થા સામે કાર્યવાહી શરૂ કરાઈ હતી. કાલોલ ખાતે રેડ કરતાં સંસ્થા હોટેલ સહયોગ મુ. ચિમનાપુરા, હાલોલ ગોધરા હાઈ-વે તા. કાલોલ જી. પંચમહાલ ખાતે ૭ તરૂણ શ્રમિક પાસે કામ કરાવવામાં આવતું હતું. જેની ટાસ્કફોર્સ સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પુછપરછ દરમ્યાન તરૂણ શ્રમિક હોવાનું જણાઈ આવેલ હોઈ તરૂણ શ્રમિકોને કામે રાખનાર સંસ્થા અને તરૂણ શ્રમિકનું નિવેદનો લઈને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આ સમગ્ર કામગીરીમાં પંચમહાલ જીલ્લાના સરકારી શ્રમ અધિકારી જે.જી.ગઢવી, એસ.ડી.યાદવ, આસીસ્ટન્ટ ડાયરેકટર, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી ગોધરા, એ.આર.વાળંદ, જીલ્લા બાળ સુરક્ષા એકમ ગોધરા, પુષ્પેન્દ્ર કુમાર તથા સમાજ સુરક્ષા કચેરીના અધિકારીઓ જોડાયા હતા. સંસ્થા હોટેલ સહયોગ મુ. ચિમનાપુરા, હાલોલ ગોધરા હાઈ-વે તા. કાલોલ જી. પંચમહાલના માલિક વિરૂધ્ધ નિયમોનુસાર બાળ અને તરૂણ શ્રમ ( પ્રતિબંધ અને નિયમન ) અધિનિયમ - ૧૯૮૬ હેઠળ ફોજદારી કેસો કાર્યવાહી કરવામાં આવનાર છે તેમ મદદનીશ શ્રમ આયુકત, ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાનાં ઉપાધ્યક્ષ દ્વારા શાળાના શિક્ષકોને વિદ્યાર્થીઓના અભ્યાસ ને લઈ ઠપકો આપી શાળાના વિદ્યાર્થીઓને સુવ્યવસ્થિત શિક્ષણ આપવા ટકોર કરી



શહેરા તાલુકાના કવાલી ગામમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના અભ્યાસ ની વાસ્તવિક પરિસ્થિતિને લઈ ચિંતિત થતાં ગુજરાત વિધાનસભાનાં ઉપાધ્યક્ષ દ્વારા શાળાના શિક્ષકોને વિદ્યાર્થીઓના અભ્યાસ ને લઈ ઠપકો આપી શાળાના વિદ્યાર્થીઓને સુવ્યવસ્થિત શિક્ષણ આપવા ટકોર કરી હતી. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના કવાલી ગામમાં શાળા પ્રવેશોત્સવમાં ગુજરાત વિધાનસભાનાં ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા.જ્યાં તેઓએ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોનું અક્ષરજ્ઞાન તેમજ વાંચન જ્ઞાનની ચકાસણી કરી હતી.જેમાં વિદ્યાર્થીઓ ને પાઠ્યપુસ્તક માં લખેલું વાંચવા જણાવતા વિદ્યાર્થીઓને તકલીફ પડી હતી.જેને લઈ ઉપાધ્યક્ષ દ્વારા શાળાના શિક્ષકોને ઠપકો પણ આપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.રાજ્યમાં હાલ નવા શૈક્ષણિક સત્ર વર્ષ ૨૦૨૩-૨૪ ની શરૂઆત થવા પામી છે.ત્યારે સમગ્ર રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવી રહ્યો છે.ત્યારે આજ રોજ પંચમહાલ જિલ્લામાં પણ શાળા પ્રવેશોત્સવ ઉત્સવ યોજવામાં આવી રહ્યા છે.જેમાં પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના કવાલી ગામમાં આજ રોજ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ગુજરાત વિધાનસભા નાં ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો.જેમાં ઉપાધ્યક્ષ દ્વારા શાળા પ્રવેશોત્સવ દરમિયાન કવાલી ગામની પ્રાથમિક શાળાના બાળકોનું અક્ષરજ્ઞાન તેમજ વાંચનજ્ઞાનની ચકાસણી કરી હતી.જેમાં શાળાના ધો.૨ અને ૩ નાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં લખેલું વાંચવા જણાવતા કેટલાક વિદ્યાર્થીઓને વાંચનમાં ભારે તકલીફ પડી હતી.ત્યારબાદ ઉપાધ્યક્ષ દ્વારા કલાસરૂમ નાં બ્લેક બોર્ડ ઉપર લખીને બાળકોને વાંચન માટે જણાવ્યું હતું.તે સમયે પણ વિદ્યાર્થીઓને વાંચન માં ભારે તકલીફ પડી હતી.જેથી વિદ્યાર્થીઓની અભ્યાસની વાસ્તવિક પરિસ્થિતિથી ચિંતિત થઈ તે અંગે શાળાના શિક્ષકોને ઠપકો આપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.ત્યારે બીજી બાજુ શાળાના શિક્ષકોને શાળાના વિદ્યાર્થીઓને સુવ્યવસ્થિત શિક્ષણ આપવા ટકોર કરી હતી. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત વિધાનસભા નાં ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ દ્વારા શહેરા તાલુકાના કવાલી ગામમાં આવેલી આંગણવાડી ની પણ મુલાકાત લીધી હતી.જેમાં આંગણવાડીના બાળકો તેમજ સગર્ભા માતાઓ ને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા યોજનાકીય લાભો મળે છે કે કેમ તે અંગે પણ તેઓ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.

## શહેરાના પરા વિસ્તારની શાળામાં ઓરડાની ઘટ હોવાથી એક વર્ગ ખંડમા ધોરણ ૬, ૭ અને ધોરણ ૮ ના બાળકો એક છત નીચે બેસીને શિક્ષણ મેળવી રહયા





શહેરા,
શહેરા નગરના પરા વિસ્તારમાં આવેલ ઢાકલિયા પ્રાથમિક શાળા ૬૬વર્ષ જૂની હોવા સાથે ૧થી ૮ ધોરણ મા ૧૧૦જેટલા વિધાથીઓ હાલ અભ્યાસ કરે છે. અહી શાળામા ઓરડા ની ઘટ હોવાથી એક વર્ગ ખંડમાં ધોરણ ૬, ૭ અને ૮ ના બાળકો એક છત નીચે બેસીને શિક્ષણ મેળવી રહયા છે. ઓરડાની ઘટ હોવા છતાં શિક્ષકો શાળાએ આવતા બાળકોને વધુ શિક્ષણ મળે તે માટેના પ્રયાસો કરતા હોય છે. આ શાળામાં એક ક્લાસમાં ત્રણ શિક્ષકો એક સાથે અલગ અલગ ધોરણના બાળકો ભણાવતા હોય ત્યારે બાળકોનું મન અભ્યાસ મા લાગતું હશે કે નહી તેવા અનેક સવાલ હાલ વાલીઓ માંથી ઊઠી રહયા છે.

શિક્ષણ વિભાગ જાહેરાતો પાછળ લખલૂટ ખર્ચો કરવા સાથે શિક્ષણની મોટી મોટી વાતો કરતા હોય ત્યારે શહેરા નગરના પરા વિસ્તારમાં આવેલ ૬૬ વર્ષ જૂની ઢાકલિયા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ જર્જરિત ઓરડાઓમાં ભયના ઓથાર હેઠળ શિક્ષણ મેળવી રહ્યા છે. આ શાળા ખાતે ૧ થી ૮ ધોરણમાં ૧૧૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. આ શાળામાં સ્થાનિક ગામ માંથી બાળકો અભ્યાસ માટે આવતા હોય છે. શાળામાં ઓરડાની ઘટ હોવાથી અહી અભ્યાસ માટે આવતા બાળકોના શિક્ષણ પર થોડી ગણી અસર થઈ રહી છે. ધોરણ ૬,૭ અને ૮ ના બાળકો એક વર્ગ ખંડમાં સાથે બેસીને એક છત નીચે અભ્યાસ કરી રહયા છે. એક ક્લાસ રૂમમાં ત્રણ શિક્ષકો અલગ અલગ ધોરણના બાળકો ને અભ્યાસ એક સાથે કરાવતા હોય છે, ત્યારે બાળકો અભ્યાસ પર પણ થોડી ગણી અસર થાય તો નવાઈ જ નહી. જયારે શાળાના શિક્ષકો દ્વારા અહી અભ્યાસ કરતા બાળકોને વધુ શિક્ષણ મળે તે માટે પ્રયાસો પણ કરતા હોય છે. જયારે સરકાર પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યકમો સાથે શિક્ષણને લગતી અનેક જાહેરાતો કરીને શિક્ષણનું સ્તર સુધારવા માટે કરોડોનો ખર્ચ કરવા સાથે વિકાસની વાતો કરતી હોય છે. ત્યારે આ દેખતા જ ખબર પડી જાય છે કે, સરકારને શિક્ષણની બાબતે કેટલી ગંભીરતા છે. શાળામાં ઓરડાની ઘટ અંગે રજૂઆત પણ કરવામાં આવી હોવા છતા પરીણામ શૂન્ય આવતા બાળકોને પાછલા કેટલાક સમય થી આજ રીતે અભ્યાસ કરવો પડી રહયો છે. ત્યારે સૌ ભણે સૌ આગળ વધે તે સૂત્ર અહીં કેટલું સાર્થક થઈ રહ્યું છે, તે અહીની પરિસ્થિતીને જોતા જ ખબર પડી જાય છે. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓ શાળાનું નવીન મકાન બનાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા હતા. વર્ષો જૂની આ શાળા હોવા સાથે અહીં અન્ય પણ બીજી સમસ્યાઓના કારણે અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ક્યાંક ને ક્યાંક તકલીફનો સામનો કરવો પડતો હોય તેમ કહીએ તો નવાઈ નહી. શિક્ષણ વિભાગ દ્વારા આ ઉપરોક્ત બાબતને કેટલી ગંભીરતાથી લેવામાં આવશે. એતો જોવું જ બન્યું રહ્યું છે.